
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૯ ટકા

# જુનિયર સિટીઝન કાઉન્સિલ ખાતે પાંચ વર્ષમાં ૨૫ જેટલા દેહ દાન અને ૪૬ જેટલા ચક્ષુ દાન કરાયા

સ્વજનનાં પાછા આવવાની પાંગળી આશા, ડૉક્ટર્સ પરનો અવીશ્વાસ અને જાતજાતની આશંકાઓમાં ઘેરાયેલો પરીવાર, પોતાનું દુઃખ ભુલી, બીજાને નવજીવન બક્ષવા માટે અંગદાનનો નીર્ણય લે છે. આ નીર્ણય બીલકુલ સહેલો હોતો નથી.ત્યારે ગાંધીનગર માં જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ચક્ષુ દાન અને દેહ દાન સ્વીકારવામાં આવે છે.જેમાં જુનિયર સિટીઝન કાઉન્સિલ ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૨૨ દરમિયાન કુલ ૨૫ જેટલા દેહ દાન અને ૪૬ જેટલા ચક્ષુ દાન કરવામાં આવ્યા છે. અંગદાનનું મહત્ત્વ દરેક નાગરીકને સમજાય અને દરેક નાગરીક આ માટે પ્રતીબદ્ધ થાય એ માટે ૧૩ ઓગસ્ટને 'ઑર્ગન ડોનેશન ડે' ઉજવવામાં આવે છે.

જ્યારે કોઈ વ્યક્તીનું કોઈ અંગ નબળું હોય કે વ્યવસ્થીત કામ ન આપતું હોય, ત્યારે તેને કોઈ બીજી વ્યક્તીના સ્વસ્થ અંગ સાથે બદલીએ એટલે કે ટ્રાન્સપ્લાન્ટ કરીએ તો એ વ્યક્તીને નવું જીવન મળે છે, નહીંતર આંખ અને ચામડી સીવાયનાં જેટલાં પણ અંગો છે એ ખરાબ થઈ જાય તો માણસ જીવી શકતો નથી. અંગદાન અન્તર્ગત જેની બહોળા અર્થમાં જરુર પડે છે એવાં અંગો છે– આંખ, હૃદય, કીડની, લીવર અને ચામડી. આ સીવાયનાં પણ અમુક અંગો છે જેનું ટ્રાન્સપ્લાન્ટ શક્ય છે; પરન્તુ મુખ્ય અંગો આ જ છે જેમાંથી કીડની અને લીવર જીવતી વ્યક્તી પણ દાનમાં આપી શકે છે; પરન્તુ તે વ્યક્તી એ દરદીની સમ્બન્ધી હોવી જરુરી છે. કોઈ અજાણી જીવીત વ્યક્તી દરદીને કીડની–લીવર ન આપી શકે. મૃત્યુપર્યંત કોઈ પણ વ્યક્તી અજાણી હોવા છતાં જરુરતમન્દ દરદીને દાન આપી શકે છે; પરન્તુ અંગદાન સાથે એક બીજી બાબત પણ એ જોડાયેલી છે કે દરેક વ્યક્તી બધાં જ અંગોનું દાન કરી શકતી નથી. જો કોઈ વ્યક્તીનું સામાન્ય સંજોગોમાં મૃત્યુ થાય તો તે આંખ અને ચામડી દાન કરી શકે છે; પરન્તુ જે વ્યક્તી હાર્ટ, લીવર અને કીડની દાન કરવા માગતી હોય એ ત્યારે જ શક્ય છે, જ્યારે તે બ્રેઈન–ડેડ થઈ હોય.

સ્વજન જ્યારે હૉસ્પીટલમાં હોય, તે બ્રેઈન–ડેડ ઘોષીત થયું હોય ત્યારે એવા કેટલા લોકો છે જે અંગદાનનો નીર્ણય લઈ શકે છે? આ નીર્ણય જેટલો દેખાય છે એટલો લેવામાં સહેલો નથી. સ્વજન મરી રહ્યું છે ત્યારે તમે ઈમોશનલી ભાંગી પડ્યા હો ત્યારે અંગદાન વીશે સુઝવું જ અઘરું



છે. વળી અંગદાન મગજથી લેવાતો નીર્ણય છે અને મગજ તો ત્યારે બહેર મારી ગયું હોય છે! આ નીર્ણય સાથે શંકાઓ, અપરાધભાવ, પાપ–પુણ્યનો સરવાળો ઘણું બધું જોડાયેલું છે.

આજે પણ સમાજના અનેક લોકોને અંગદાન અંગેની જાણકારી નથી,સમાજમાં હજી પણ અંગદાન ની જાગૃતિ જોઈએ તેટલા પ્રમાણમાં નથી. જોકે જાગૃતિનું પ્રમાણ ધીમેધીમે વધી રહ્યું છે, જે એક સારી બાબત છે. ઘણાને પ્રશ્ન થતો હોય છે કે અંગદાન એટલે શું? અંગદાન પહેલાં બ્રેઈન ડેડ અંગેની માહિતી અતિ જરૂરી છે. જે દર્દીનું મગજ કામ કરતું અટકી ગયું હોય તે દર્દીની ફરીથી ભાનમાં આવવાની અને જાતે શ્વાસ લેવાની શક્યતા રહેતી નથી. તે માત્ર કૃત્રિમ શ્વાસ પર જીવિત રહે, એટલે કે વેન્ટિલેટર મશીનથી દર્દીની શ્વાસની પ્રક્રિયા ચાલતી હોય તેવા દર્દીને બ્રેઈન ડેડ કહેવામાં આવે છે. દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરતા પહેલાં ડૉક્ટરની એક પેનલ તેની તપાસ કરે છે. ત્યારબાદ દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરે છે. આવા દર્દી માત્ર એક જીવિત લાશ સમાન હોય છે. જો તેના નિકટનાં સગાંસંબંધી આ બ્રેઈન ડેડ દર્દીના અવયવો એટલે કે હાર્ટ, કિડની, લીવર, આંખો દાન આપવાની મહેચ્છા કરે તો તેને અંગદાન કહેવામાં આવે છે.

સામાન્ય રીતે માર્ગ અકસ્માતમાં ભોગ બનેલા દર્દી વધારે બ્રેઈન ડેડ થતાં હોય છે. ઉલ્લેખનીય છે કે આવા દર્દીના અવયવો ગંભીર બીમારીમાં હોય એવા દર્દીના ઉપયોગમાં આવે છે. એટલે કે હાર્ટ, લીવર, કિડની જેવી બીમારીના દર્દીને ઉપયોગી બને છે. જોકે આજે પણ અંગદાન કરવામાં લોકો ખચકાટ અનુભવે છે, અનેક લોકો હજી પણ બ્રેઈન ડેડને મૃત્યુ તરીકે સ્વીકારવા તૈયાર થતા નથી. જેના લીધે તે અંગદાન કરવાની ઘસીને ના પાડતા હોય છે. સમાજે અંગદાન અંગે જાગ્રત થવું પડશે. બ્રેઈન ડેથ દર્દીના નિકટના સંબંધી તેના મૃત્યુ સ્વીકારવા તૈયાર થતા નથી તે સ્વાભાવિક છે પરંતુ નક્કર વાસ્તવિકતા એ છે કે ૯૯ ટકા બ્રેઈન ડેડ દર્દી જીવિત થઈ શકતા નથી. દર્દીના સંબંધીઓએ ઉદારતાથી વિચારીને બ્રેઈન ડેડ દર્દીના અંગદાન માં આપવા જોઈએ. દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરવા માટે ડૉક્ટરની એક પેનલ કામ કરે છે.

અંગદાન ની ઈચ્છા ધરાવનાર વ્યક્તિએ પોતાના ઘરના સભ્યોને અગાઉથી જાણ કરવી જોઈએ.એનું કારણ એ છે કે જ્યારે પણ ભવિષ્યમાં વ્યક્તિનું બ્રેઈન ડેડ થાય તો તેના અવયવો સરળતાથી મળી શકે, જેનાથી અન્ય દર્દીને લાભ થાય. વ્યક્તિએ પોતાના સૌથી નજીકના કુટુંબીજનને એક અગત્યના ફોર્મ દસ્તાવેજ પર સહી કરવાની હોય છે. જેથી કોઈ સંજોગોમાં અકસ્માતે મગજને ઈજા પહોંચે અને તમે બ્રેઈન ડેડ થાવ તો તમારા સંકલ્પ પ્રમાણે અંગદાન માં લઈ શકાય. શરીરના અવયવોનું દાન સ્ત્રી-પુરુષ બંને કરી શકે છે. તેમાં કોઈ પણ ઉંમર, ધર્મ કે જાતિ હોય તેની સાથે કોઈ નિસબત નથી. કોઈ ભેદભાવ નથી. કોઈ પણ વ્યક્તિ અંગદાન કરી શકે છે. બ્રેઈન ડેડ થયેલ દર્દીએ અંગદાન કર્યું હોય તો ટ્રાન્સપ્લાન્ટની ટીમ બ્રેઈન ડેડ દર્દીનું તબીબી પરીક્ષણ કરીને અવયવોનું દાન કરવા યોગ્ય છે કે નહીં તે તપાસીને તેની ચકાસણી કરે છે. શરીરમાંથી અવયવ બહાર કાઢીને તેનું પ્રત્યારોપણ કરવું એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે.તેમાં શરીરનું બિનજરૂરી ડિસેક્શન કરવામાં આવતું નથી. તેના લીધે અંતિમવિધિમાં કોઈ પણ પ્રકારની અડચણ થતી નથી.

## જન્મદિને વધામણી



ડો.નેહલ ગજેરા
જિલ્લા પંચાયત,
આરોગ્ય શાખા



ધર્મેશ ગજ્જર
શિક્ષક
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩




ગૌરાંગ એમ પટેલ
મો. ૯૮૨૪૦ ૦૪૩૪૪



અલ્પેશ બી પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬



કિરણ પી પટેલ
મો. ૯૯૯૮૨ ૮૬૦૪૧




વૃતાંત શાહ
મો. ૭૯૮૪૫ ૪૦૬૮૮



ફેલિક ઝેવિયર
મો.૯૨૬૫૩ ૬૩૫૧૧



પિન્કીબેન પ્રજાપતિ
મો. ૯૬૨૪૦ ૮૧૦૧૭



યુવરાજસિંહ પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫

# પ્રકાશકની ઓળખ અંગેના પુરાવા આપ્યા વિના કોઈ પણ વ્યક્તિ ચૂંટણીલક્ષી સામગ્રી છપાવી શકશે નહીં

ગાંધીનગર, તા.૧૨
આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લામાં સમગ્ર ચૂઃટણી પ્રક્રિયા દરમિયાન કોઈ પણ વ્યક્તિ મુદ્રણ સ્થળ અને પ્રકાશકનાં નામ અને સરનામાં વગરના ચૂંટણીલક્ષી ચોપાનિયાં, ભીંતપત્રો વગેરે છાપી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં. આ પ્રકારની ચૂંઃટણીલક્ષી સામગ્રી છપાવતા પૂર્વે પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા બાદ જ કોઈ પણ વ્યક્તિ ચૂંટણીલક્ષી ચોપાનિયાં, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી કે છપાવી શકાશે નહીં આ અંગેનું જાહેરનામું નિવાસી અધિક કલેક્ટર ભરત જોષી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તારો માટે આગામી તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન અને તા. ૮ ડિસેમ્બરના રોજ મતગણતરી યોજાનાર છે. ત્યારે આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચાર સંહિતાની કડક અમલવારી તથા પાલન થાય તે અત્યંત જરૂરી હોઈ, નિવાસી અધિક કલેક્ટર દ્વારા સમગ્ર જિલ્લાના મુદ્રકોને ઉક્ત આદેશની જોગવાઈઓ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવ્યું છે. જે અંતર્ગત ચૂંટણીને લગતાં ચોપાનિયાં, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરતી વખતે મુદ્રક અને પ્રકાશકનાં નામ અને સરનામા અચૂક દર્શાવવા જણાવવામાં આવ્યું છે. આ માટે ચૂંટણીલક્ષી કોઈ પણ સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં મુદ્રકે ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરાયેલું નિયત નમૂના મુજબનું એકરાર પત્ર બે નકલમાં પ્રકાશક પાસેથી મેળવવાના રહેશે. એટલું જ નહીં, મુદ્રકે પણ ત્રણ દિવસમાં જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પણ છાપેલા દસ્તાવેજોની નકલ સાથે રજૂ કરવાની રહેશે. આ હુકમનો ભંગ કરનાર છ માસની સજા અથવા રૂ. ૨૦૦૦/- દંડને પાત્ર થશે તેમ જણાવવામાં આવ્યું છે. આ જાહેરનામું આગામી તા. ૧૨મી ડિસેમ્બર સુધી અમલમાં રહેશે.

## અવસર લોકશાહીનો અભિયાન અંતર્ગત જિલ્લામાં ૧૪મીથી મતદાન જાગૃત્તિ કાર્યક્રમો

ગાંધીનગર, શનિવાર
ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨માં મતદાનની ટકાવારી વધે અને નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉમદા આશયથી ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલા 'અવસર લોકશાહીનો' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃત્તિ અર્થે ચિત્ર, રંગોળી, રેલી, સંગીત, સહી ઝુંબેશ અને શપથ સહિતના વિવિધ જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાશે. વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા આપણા દેશ ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયા એક અવસરની જેમ યોજાય તેવા ઉમદા આશયથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીને રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા 'અવસર લોકશાહીનો' અભિયાન તરીકે સાંકળીને વિવિધ




જનજાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અવસરમાં સૌ નાગરિકો સહભાગી બને અને ઉત્સાહપૂર્વક મતદાન કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ અભિયાન હેઠળ ગાંધીનગર જિલ્લામાં જીફઈઈ-સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧૪મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે ચિત્ર સ્પર્ધા યોજાશે. જ્યારે તા. ૧૬મી નવેમ્બરના રોજ કોઈ પણ એક સ્થળે રંગોળી કાર્યક્રમ અને તા. ૧૭મી નવેમ્બરના રોજ જાહેરસ્થળો ખાતે પોસ્ટર બેનરથી મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાશે. તા.૨૧મી નવેમ્બરના રોજ મતદાન અંગેનો શપથ કાર્યક્રમ, તા. ૨૪મી નવેમ્બરના રોજ સિગ્નેચર કેમ્પેઈન, તા. ૨૬મી નવેમ્બરના રોજ મતદાન જાગૃત્તિ રેલી અને તા. ૩૦મી નવેમ્બરના રોજ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં શાળાના વિવિધ વિદ્યાર્થીઓને સાથે રાખીને યોજવામાં આવશે.

# નેપાળ ખાતે ઈન્ટરનેશનલ કરાટે સ્પર્ધામાં આઠ ખેલાડીને ગોલ્ડ મેડલ



ગાંધીનગર, તા.૧૨
નેપાળના કાઠમંડુ ખાતે ૧૮ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપનું આયોજન કરાયું હતું. સાઉથ એશિયા વાડોકાઈ કરાટે ફેડરેશન દ્વારા યોજાયેલ બન્ને ઈવેન્ટમાં ૩૭૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરના ખેલાડીઓએ કુમિતે અર્થાત ફાઈટ ઈવેન્ટમાં પાંચ અને ત્રણ સિલ્વર તથા છ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. જયારે કાતા ઈવેન્ટમાં ત્રણ ગોલ્ડ, આઠ સિલ્વર અને ત્રણ બોન્ઝ મેળવ્યા હતા. ગોલ્ડ મેળવવામાં દિશા સરીન અને ઈશ્વા રાવલ અને કાતા વિભાગમાં શિવાંગી આહીર સફળ રહયા હતા. કોચ રેન્શી ગૌરાંગ રાણા, જીગ્નેશભાઈ ત્રિવેદી, શૈલેષભાઈ આહીર અને સેનસાઈ દર્શનભાઈ સુથારે આ સિધ્ધિ બદલ ફેડરેશનના ચીફ ટેકનીકલ ડાયરેકર અરવિંદ રાણાએ અભિનંદન પાઠવ્યા હતા.

## સોસાયટી આગળના માર્ગો ઉપર સ્પીડ બ્રેકર મુકવાની લોકમાંગણી ઉઠી

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગરમાં દિનપ્રતિદિન અકસ્માતોની સંખ્યા વધી રહી છે. તેથી શહેરીજનો ભયના માહોલમાં જોવા મળી રહયા છે. તાજેતરમાં સેકટર-૪માં સોસાયટી આગળ રમતા નાના માસુમ બાળકની ઉપર ગાડી ચઢી જતાં અકસ્માત સર્જાયો હતો અને ત્યાં જ મોત નીપજયું હતું. તેથી સોસાયટીના વસાહતીઓ રોષે ભરાયાછે અને સોસાયટી આગળ રસ્તાઓ ઉપર સ્પીડબ્રેકર બમ્પ મુકવાની ઉગ્ર માંગણી કરી રહયા છે. વારંવાર રજુઆત કરવા છતાં સોસાયટીના રહીશોની ફરીયાદો અંગે કોઈ નકકર પરિણામ નથી. સોસાયટીના ઘર આગળના રસ્તાઓ પરથી ટુ વ્હીલર અને ફોર વ્હીલર પુરપાટ ઝડપે જવાના કારણે વયોવૃધ્ધથી લઈ નાના બાળકોને ઈજા થવાની સંભાવના છે. જેથી સેકટર-૨૩ ખાતે આર.એમ.એસ. એમ્પ્લોઈઝ કો.ઓ.હા.સો. લીમીટેડમાં સ્પીડ બ્રેકરની વ્યવસ્થા કરવાની માંગ છે.

## રોટરી કલબ દ્વારા ૧૪મીના રોજ વિશ્વ મધુપ્રમેહ દિનની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર રોટરી કલબ દ્વારા ૧૪ નવેમ્બર ના રોજ "વિશ્વ મધુપ્રમેહ દિન" ની ઉજવણી કરી રહ્યા છે. જે નિમિતે ઉમા પેથોલોજી લેબોરેટરી , ચિલોડા સર્કલ ખાતે નિઃશુલ્ક ડાયાબિટીસ ચેક અપ નું આયોજન બપોરે ૧૨ થી ૪ દરમિયાન થવાનું છે. તેમજ ડાયાબીટીસ નિયંત્રણ અને સંભાળ વિષય પર જાણીતા ડાયાબિટોલોજીસ્ટ ડો. મૌલિતા કાપડિયાનું ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત સેવાઓનો લાભ લેવા માટે ક્લબના પ્રમુખ ડો જગદીશ પટેલ અને સેક્રેટરી ડો પારસ ઉચાટે અખબાર યાદીમાં જણાવાયું હતું.




લોકશાહી મતદાન જનજાગુતિ નવા મતદાર મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આગામી વિધાનસભા ચૂંટણીમાં લોકશાહી પર્વના અનેરા અવસરની સમાજમાં જાગૃતિ ફેલાય તેમજ મતદાન માટે યુવાનો વધુ પ્રમાણમાં જોડાય તેવા હેતુસર નવા કોબા પગાર કેન્દ્ર શાળામાં સંકલ્પ પત્રની વહેંચણી કરી સંકલ્પ લેવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ગામના પૂર્વ સરપંચ યોગેશભાઈ નાયી, પુરી ફાઉન્ડેશનના રજીસ્ટ્રાર ડોક્ટર મનીષ પરમાર જોડાયા હતા.

# પેથાપુરનો ભવ્ય ભૂતકાળ પુસ્તક લોકાર્પણ સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૧૨
લેખક વિષ્ણુસિંહ ચાવડા ની કલમે લખાયેલું પેથાપુરનો ભવ્ય ભૂતકાળ પુસ્તક લોકાર્પણ સમારોહ યોજાયો હતો. પેથાપુર રાજાશાહીથી લઈને અર્વાચીન સમય સુધીના ભવ્યાતિ ભવ્ય ઈતિહાસ, સાંસ્કૃતિક વારસો, આગવી કાષ્ઠ કલા, કલાત્મક લાકડાંના બીબા, પ્રખ્યાત બાંધણીના ગૌરવવંતા ઈતિહાસને ઉજાગર કરતો ગ્રંથ એટલે 'પેથાપુરનો ભવ્ય ભૂતકાળ 'પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આશીર્વચન સ્વામી વિવેકાનંદજી મહારાજ (શ્રી લંબેનારાયણ આશ્રમ નારદીપુર), સ્વામી ભાસ્કરાનંદજી મહારાજ (શ્રી ભીમનાથ મહાદેવ પેથાપુર), સ્વામી અજયાનંદજી મહારાજ (શ્રી સંધ્યા ગીરી બાપુ આશ્રમ પેથાપુર), તથા અતિથિ વિશેષવાર.એસ.રાવત (પૂર્વ નિયામક, પુરાતત્વ વિભાગ, ગુજરાત રાજ્ય ) કપિલ ઠાકર (અતુલ્ય વારસો મેગેઝીન) તથા લેખક રાઘવજી માધડ, લેખક કૃષ્ણ દાન ગઢવી, તેમજ પેથાપુર રાજપૂત સમાજ, તેમજ પેથાપુર ગ્રામજનો, શ્રી વાત્રક કાંઠા રાજપૂત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

● રૂદ્રભુમિ ●
- સ્વ.ચાવડા ધનજીભાઈ ધનાભાઈ ઉ.વ.૮૨, સેકટર-૭
- સ્વ.ભટ્ટ ઈન્દિરા મનહરકુમાર ઉ.વ.૭૭, સેકટર-૪
- સ્વ.ઠાકોર ભીખાજી ભલાજી ઉ.વ.૭૫, સરગાસણ